Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Humanity
ISSN: 2279-0233
Continuous issue-23 | April – May 2016

# "જૂની રંગભૂમિ અને નવી રંગભૂમિના ભેદ પરિમાણો"

## ભૂમિકા:-

આપણા ગુજરાતી સાહિત્યમાં નાટક સ્વરૂપ સંસ્કૃત સાહિત્ય અને અંગ્રેજી સાહિત્ય સંપર્કના કારણે ઊતરી આવેલો અને વિકસેલો સાહિત્ય પ્રકાર છે.પરંતુ નાટ્ય રંગભૂમિ ના જન્મ પાછળ લોકનાટક "ભવાઇ" નો મુખ્ય ફાળો ' રહ્યો છે. આપણે ત્યાં પહેલાં સમાજમાં રહેલી નિર્બળતાઓનું હાસ્યસ્પદ ચિત્રો ભવાયાઓ દ્વારા રજૂ થતાં. પ્રજા પોતાના થાક ને દૂર કરવા, મનોરંજન મેળવવા 'ભવાઇ" તરફ ઢળી હોવાનું માનવામાં આવે છે. તેમને રંગમંચની જરૂર રહેતી નહિં. ગામને પાદરે કે શેરીને નાકે ભવાયાઓ ભવાઇ ખેલીને જનમનરંજન કરતાં. એમાં જાત જાતના નખરાં અને ગ્રામ્યભાષા દ્વારા લોકોને હાસ્ય પુરૂં પડવામાં આવતું. એમાં વૃદ્ધપતિની યુવાનપત્નિની સ્થિતિ, છેલછબીલા મુસલમાનનાં કૂડાં કૃત્યો, કે રાજા-રાણીના પ્રસંગોના વેશ ભજવાતા. આવા 'ભવાઇના વેશોને ગુજરાતમાં વિશેષ ખીલવનાર હોય તો, અસાઇત ઠાકર છે. જેમણે ચૌદમી પંદરમી સદીમાં પોતાના ત્રણ પુત્રો સાથે મળીને ૩૬૦ ભવાઇના વેશો ભજવયા. અને આમ 'ભવાઇ' નવી એ નાટક પહેલાં એક સંસ્થાનું રૂપ ધારણ કર્યું હતું.

### જૂની રંગભૂમિ:-

જૂની રંગભૂમિ ક્ષેત્રે અસાઇત ઠાકરે ભજવેલા ભવાઇ વેશોમાં "રામદેવનો વેશ", જૂનામાં જૂનો હોવાનું મનાય છે. તેમણે "કજોડાનો વેશ" "ઝંડા-જૂલણ", 'જસમા-ઓડણ" 'મિયાંબીબી', 'મણિયાર", 'જૂઠણ", "છેલબટાઉ", જેવા મુસ્લિમોની અસરવાળા ભવાઇ વેશો ભજવ્યાં છે. જ્યારે હિંદુ રજવાડાનાં ઠાકોરો વિશેના ભવાઇ વેશોમાં 'રાજા દેધણ", 'વીકો સિસોદિયો', 'મણિબા સતી', વગેરે છે. ધાર્મિક વેશોમાં 'કાન-ગોપી", 'કાળકા" , 'પતાઇ રાવળ" , ગણપતિ વગેરે છે. આ ભવાઇઓમાં સમાજજીવનનું વક્ર પ્રતિબિંબ જિલાતું. નાત-જાત કે ધંધાને અનુરૂપ વેશભૂષાને પૂરતો અવકાશ મળતો. જેમાં શૃંગાર, વીર કે કરુણ ની સાથે વધારે બિભત્સગર્ભ હાસ્યરસ જ મોખરાનું સ્થાન ભોગવતો. હિંદી, મરાઠી, મારવાડી ભાષાનું મિશ્ર ગદ્ય પ્રયોજાતું. વાદ્યોમાં લાક્ષણિક ભૂગંળ, નરઘાં, મંજિરા નો ઉપયોગ થતો. પરંતુ આ ભવાઇઓ ૨૫૦ કે ૩૦૦ જનસમુદાયે રચેલા કુંડાળામાં ભજવાતી. આ ભવાઇઓ રંગભૂમિને

કેળવાયેલા નટો, રંગલાનું પાત્ર, કેટલાંક કથાઘટકો અને અળખામણી અશ્લીલતાનો પ્રત્યાઘાત આટલું આપ્યું છે.

૧૯મી સદીમાં ગુજરાતની રંગભૂમિને – વ્યવસાયી રંગભૂમિનો ઉદ્ભવ થયો ચાર પાયા પર (૧) ભજવવા માટે સ્ક્રિપ્ટની જરૂર પડી. લેખકો સ્ક્રિપ્ટ તૈયાર કરી રિહર્સલો થતાં  (૨) સ્ટેજ અને ઓડિટીરિયમ, વચ્ચે પ્રોસીનિઅમ આર્ક અને પડદો આવ્યાં.(૩) નાટક કંપનીના માલિકે –મેનેજરે પગારદાર નટો રોક્યા. (૪) પ્રેક્ષકો ટિકિટ ખરીદીને પ્રવેશ મેળવતા. આ વ્યવસાયી રંગભૂમિનું સ્વરૂપ બંધાયું. આ રંગભૂમિની વ્યવસ્થિત શરૂઆત ૧૮૫૦માં થઇ. મરાઠી રંગભૂમિમાંથી પ્રેરણા મેળવીને પારસીઓએ અવૈતનિક-સવૈતનિક નાટય પ્રવૃતિ શરૂ કરી જેમાં પારસી કલ્બના અવૈતનિક  કલાકારો દર શનિવારે રાત્રે નાટકો રજૂ કરતા. નફાકારક એવી આ નાટકમંડળી સામે બીજી વીસેક નાટકમંડળીઓ અસ્તિત્વમાં આવી. પારસી નાટકમંડળી પ્રથમ અંગ્રેજી, પછી ભાષાંતર કરીને પારસી લઢણવાળા, હિંદી-ઉર્દુની સેળભેળવાળા નાટકો ભજવવા લાગ્યાં. પારસી રંગભૂમિની ખાસ લાક્ષણિકતાઓ હતી, તેમાં સનસનાટીભર્યું કથાનક, ભભકદાર સીન-સીનેરી, યાંત્રિક ગોઠવણ, દ્રશ્યઅંક, સ્ટંટબાજી વગેરે. આ રંગભૂમિ ના ઘડતરમાં કેખુશરૂ કાબરાજીનો ફાળો સૌથી મોટો છે.

સમય જતાં રંગભૂમિના તખ્તાને મોકળાશ મળી અને પ્રેક્ષકગૃહ ને ઊંડાણ સાંપડ્યું. પરંતુ પ્રકાશ આયોજનના અભાવે ખૂણામાં બેઠેલા પ્રેક્ષક સુધી નાટક પહોંચાડવા સ્થૂળ આંગિક અભિનય અને મોટા મોટા ‘સિંહનાદી’ સંવાદોએ અભિનયનું સ્થાન લીધું. દ્રશ્યપરિવર્તનને કારણે ત્રણ અંક, : એક અંકમાં સાત પ્રવેશ એવો નવો ઢાંચો બંધાયો પ્રવેશની સાથે રસવૈવિધ્ય ભળ્યું. પરિણામે નાટકમાં કૃત્રિમ અંત જોવા મળતો. અણઘડ, સંસ્કારવિમુખ નટોને કારણે કલાકારોને આગળ વધવાનો અવકાશ ઓછો રહેતો. જયશંકર સુંદરી તેમાં અપવાદ રૂપ હતા. આમ માત્ર પ્રેક્ષકોને રનોરંજન પૂરું પાડતી ઢાંચાવાળી રંગભૂમિ ઘડાઇ.

વ્યવસાયી રંગભૂમિનું આખું કમઠાણ પ્રેક્ષકોની અપેક્ષાઓને સંતોષવામાં ઊભું થયું હતું. પ્રેક્ષકોની આકાંક્ષાઓ જુદી હોત તો રંગભૂમિનું રૂપ પણ જુદું હોત. પ્રેક્ષકગણને મનોરંજન જોઇતું હતું. પરિણામે તેનું આવું કલેવર ઘડાયું. આજે ભવાઇનું જે સ્વરૂપ પ્રાપ્ત થાય છે તે બરાબર ઉંઝાના એ ઔદિચ્ય બ્રાહ્મણે બાંધી આપ્યું હશે કે કેમ? એ સંશોધનનો વિષય બને છે.

## નવી રંગભૂમિ:-

ઇ.સ.૧૮૫૦થી ૧૯૨૫ના ગાળામાં પથરાયેલી વ્યવસાયી રંગભૂમિ સમયની સાથે કદમ મિલાવી ન શકી. તેની પડ છે નવી રંગભૂમિનો ઉદય થવા લાગ્યો. વીસમી સદીના બીજા તબક્કાની આસપાસ સમકાલીન, સામાજિક, રાજકીય પ્રશ્નોને વાચા આપતાં નાટકો ‘આર્ય નાટક મંડળીએ”  ભજવ્યા. ‘સ્નેહસરિતા” ,‘સુધાચંન્દ્ર”  , ‘મધુબંસરી” , ‘મેધમાલિની” , ‘અબજોનાં બંધન”  વગેરે નાટકોએ

રંગભૂમિ અને સાહિત્ય વચ્ચે સંપર્ક બની રહે તેવા પ્રયાસો કર્યા. આજ અરસામાં એટલે કે ૧૯૧૪ની આસપાસ મુંબઇ,ની કૉલેજમાં શેક્સપિયરનાં નાટકોમાંની સ્વગોક્તિઓ, કે બે પાત્રો વચ્ચેના સંવાદો લઇને સ્પોર્ટ લાઇટના પ્રકાશમાં રજૂ કરતાં. તેની અસર હેઠળ ધીમે ધીમે કૉલેજમાં, જ્ઞાતિ સંસ્થાઓમાં આ પ્રકારના નાટકની સ્પર્ધા થવા લાગી. જેમાં ૧૯૨૦માં ચંન્દ્રવદન મહેતાએ નવી યુક્તિ અજમાવી. તેમણે બટલરનું લીલું પાટલુન, ચટાપટાવાળો ડગલો અને હંગેરિયન કેપ સજીને પોતે ઉપજાવી કાઢેલું 'લાલિયા પરાપર' નું દ્રશ્ય ભજવ્યું અને પોરિતોષિક મેળવ્યું. આમ ધીમે ધીમે નવી રંગભૂમિનો પ્રારંભ થયો અવૈતનિક મંડળ 'કલા-સમાજની સ્થાપના કરી. ૧૯૨૭ માં 'અખો" ભજવ્યું- ૧૯૩૭માં અમદાવાદમાં મરાઠી નાટયકાર મામા વરેરકરની પ્રેરણાથી 'રંગમંડળ" ની સ્થાપના કરી 'અચલાયતન" , "મૃચ્છકટિક" ભજવાયું. તેમના મંડળને પગલે પગલે અમદાવાદમાં બીજા મંડળો જેવા કે, દર્શન, રૂપકસંઘ,રાષ્ટ્રીય નાટ્યસંઘ, નટમંડળ,જ્વનિકા વગેરે સ્થપાયા. સુરતમાં કલાક્ષેત્ર,રંગવિહાર, કલાનિકેતન, મુંબઇમાં રાષ્ટ્રિય સંસ્થા, 'ઇન્ડિયન નેશનલ થિયેટર ની શાખા આઇ.એન.ટી. તથા રંગભૂમિ વગેરે સંસ્થાઓનો ઉદ્દભવ થયો.

નવી રંગભૂમિમાં જૂની રંગભૂમિ કરતાં વિશેષ નવા પરિણામો પ્રગટ્યા. કૃતિમાં નાટ્યરસ,સાહિત્ય તત્વ, બોલચાલનું ગદ્ય, વાસ્તવ ચેતનાનો સંપર્ક, સ્ત્રીની ભૂમિકા માટે સ્ત્રીપાત્રોની પસંદગીનો આગ્રહ, શિષ્ટરૂચિકર સુઘડતા, શાળા-કૉલેજ કે સાંસ્કૃતિક મંડળ સુધીનો વિસ્તાર, નાટયકલાનું જ્ઞાન, વગેરે પરિમાણો પ્રગટ થયા. નવી રંગભૂમિ માં ગંભીર નાટક, નૃત્યનાટિકાઓ અને પ્રહસન એમ ત્રણ પ્રવાહ ઉભા થયા. નવી રંગભૂમિને સર્જકોનોસાથ સાંપડ્યો.

નવી રંગભૂમિને વિકસાવવામાં ચંન્દ્રવદન મહેતા,મુનશીના નાટકોનું યોગદાન વધુ રહ્યું છે. ચંન્દ્રવદન મહેતા મૂળતો રંગભૂમિના જ જીવ. તેમણે 'અખો ' પછી 'પ્રેમનું મોતી', 'મુંગી સ્ત્રી', 'આગગાડી', 'હોહોલિકા', મુનશીના સામાજિક નાટકો-'કાકાની શશી', 'બે ખરાબ જણ' વગેરે અગંભીર નાટકો મળ્યા. પણ નવી રંગભૂમિ ઊભી કરવામાં રણછોડભાઇનો ફાળો રહ્યો છે. તેમણે ભવાઇ અને જૂની રંગભૂમિમાં આવતી અતિશૃંગાર, અશ્લિલતા ને કઢંગાપણાથી અકળાઇને શિષ્ટનાટ્ય સર્જન તરફ વળ્યા. ઇ.સ.૧૮૭૮માં 'ગુજરાતી નાટક મંડળી' સ્થપાઇ . 'લલિતાદુઃખદર્શક','કાન્તા' અને સંસ્કૃત નાટકોના અનુવાદોએ રંગભૂમિપર અને સાહિત્યમાં નવી હવા પ્રસારી. પરંતુ રંગભૂમિના કર્તાઓ અને સર્જકોના નાટકો વિશેના ખ્યાલો જુદા હતા. આદર્શો અને રૂચિતંત્ર જુદા હોવાથી સાક્ષરો સાથે રંગભૂમિનો મેળ થઇ શક્યો નહીં.

ઇ.સ.૧૯૪૦ પછીના સમય ગાળા પહેલાં શ્રીધરાણીએ 'પદમિની' દ્વારા સમસ્યા નાટકના સર્જનની કેડી પાડી. પણ આગળ તે વિકસી શકી નહીં. એકાંકીઓના ઉદ્દભવથી રંગભૂમિને અનુકુળતા ઊભી થઇ. જેમાં બટુભાઇ, ઉમાશંકર, જયંતિ દલાલ, ગુલાબદાસ બ્રોકર, મડિયા વગેરે એ નાટકો દ્વારા અવૈતનિક મંડળોની કલા સુઝને પ્રગટાવવાની તક પૂરી પાડી. તો છેલ્લા દાયકામાં રંગભૂમિમાં બીજાં નવા ઉન્મેષો જોવા મળ્યા. એબ્સર્ડ શૈલીનો આવિર્ભાવ થયો 'એક ઉંદર અને જદુનાથ'કૃતિથી. જેને પગલે રંગભૂમિક્ષેત્રે નાટકની વર્કશોપ, અભિનયની શક્યતાઓને તાગવાનો પ્રયાસ થયો. 'શેરી નાટક'ના પ્રયોગો થયા. ટી.વીના આગમનથી ટી.વી રંગભૂમિની સંભાવના ઊભી થઇ. યુનિવર્સિટીના

અભ્યાસક્રમમાં નાટ્યપ્રવૃતિનો સમાવેશ થતાં ઉજ્જવળ ભાવિની રેખા અંકાઇ છે.

છતા સમગ્ર અર્થે જૂની રંગભૂમિ અને નવી રંગભૂમિની વિહંગાવલોકન કરતાં જણાય છે કે નવી રંગભૂમિ હજુપણ પોતાનું 'થિયેટર' ઊભુ કરી શકી નથી. મૌલિક દીર્ઘ નાટકોનો અભાવ રહ્યો છે. અર્થલોભી નાટય સંસ્થાઓ અપરિપક્વ પ્રહસનોદ્વારા મનોરંજન ભૂખ્યા પ્રક્ષકોને રિઝવવામાં પોતાનું હિત જુવે છે. જૂની પ્રવેશ યોજનાને બદલે એક અંક કે એક બોક્સ સેટની રચના વધુ અનુકુળ બની ગઇ હોય તેવું જણાય છે. આજે માઇકનો ઉપયોગ અનિવાર્ય બની ગયો છે. બદલાતા સમયમાં પરિસ્થિતિને અનુરૂપ પ્રકાશ નિયોજન, પાશ્ર્વસંગીત વધુ યોગ્ય બન્યા છે. કંપોઝીશનમાં સુઘડતા છતાં સ્વાભાવિકતા અને મૌલિકતાનો અભાવ વર્તાય છે. જૂની રંગભૂમિની બહુ ચવાયેલી –ગવાયેલી ટ્રિક્સનો સર્જનાત્મક વિનિયોગ કરવાની સુઝ કોઇમાં આવે તો સારૂ પરિણામ મળી શકે. પણ 'ટેમ્પલ ઓવ સ્પિચ' માં બોલાતી ગુજરાતી ભાષાનું હદય હજુ ઉઘડતું જણાતું નથી. દિગ્દર્શન, અભિનયક્ષમતા પણ એક અલગ ચોક્કસ સ્થાન ઊભું કરી શકે.

શાળા-મહાશાળામાં મનોરંજનનું માઘ્યમ નથી પણ અવનવા ઉન્મેષો પ્રગટાવવાની પ્રયોગભૂમિ છે રંગભૂમિ. એ વાત સમજાય તો રંગભૂમિનો વિકાસ થાય પણ યુનિવર્સિટીમાં થિયેટરનો ઘાટ જેવો ઘડાવવો જોઇએ તેવો ઘડાયો નથી ત્યારે મરાઠી, બંગાળી રંગભૂમિ કે જૂની રંગભૂમિના સંદર્ભે નવી રંગભૂમિ-ગુજરાતી રંગભૂમિના સંદર્ભમાં આપણે ઘણાં પાછળ છીએ. આપણે હજી ઘણો લાંબો પંથ કાપવાનો બાકી છે એ બાબત નકારી શકાય તેમ નથી.

આધુનિક કાળમાં લોકનાટ્ય રીતિ પ્રાયોગિક રીતે આપણે ત્યાં પ્રવેશી યુરોપીય રંગભૂમિએ અને નાટકોએ આપણને હંમેશા પ્રભાવિત કરતા રહ્યા છે. અનુકરણાત્મક અને અભ્યાસાત્મક રીતે આપણે ત્યાંની રીતિઓને અજમાવતા રહ્યા છીએ.. વિવિધ પરંપરાની રંગરીતિ – ટેકનીકનો અભ્યાસ કરી મેળવેલું સામર્થ્ય, વિચિત્રતા કે રીતિઓને પોતાની રીતે પ્રયોજવાના પ્રયોગો પણ થયા છે. આમ છતાં ગુજરાતી સાહિત્યમાં મણિલાલ નભુભાઇથી શરૂ કરી અને 'કાન્તા' તેમજ 'નૃસિંહાવતાર', 'મિથ્યાભિમાન' તેમજ નર્મદના નાટકો અને ર.વ. દેસાઇના 'અંજની', 'સંયુકતા', 'શંકિત હ્રદય' વગેરે નાટકોએ રંગભૂમિ પર અનેક પ્રયોગો કરી રંગભૂમિને વિકાસ આપ્યો છે. હાસ્ય કરૂણ શૃંગાર, ગીતતત્વ  વગેરે રંગભૂમિના મહત્વના તત્વો આ નાટકોમાં જોવા મળે છે. આ નાટકોએ રંગભૂમિ અને શિસ્ટનાટકો વચ્ચેનું અંતર ઓછું કર્યુ તેમ છતાં આજે પણ રંગભૂમિ જેટલી વિકસવી જોઇએ તેટલી વિકસી નથી, તે ગુજરાતી સાહિત્ય માં એક સંશોધનનો  વિષય બની રહે છે.

## સંદર્ભસૂચિ:-

(૧) જ્ઞાન ગંગોત્રી ગ્રંથશ્રેણી-૧૦
ગુજરાત દર્શન
(૨) નિંબધ પ્રદીપ

(૩) સંદર્ભ-સં. ચિમનલાલ ત્રિવેદી/જયંત કોઠારી

(૪) ગુજરાતી સાહિત્ય પ્રકારો- લેખક: ભરતકુમાર ઠાકર

********************************************************************

પ્રા.રકુબેન કે. ચૌધરી

શ્રી વી.ડી. કાણકિયા આર્ટસ્ એન્ડ કૉમર્સ કૉલેજ, સાવરકુંડલા

ગુજરાતી વિભાગ

Copyright © 2012- 2016 KCG. All Rights Reserved. | Powered By : Knowledge Consortium of Gujarat